શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ડાયાલીસીસ વિભાગ
(સહયોગી સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)
શહેરના કીડની રોગની તકલીફ ધરાવતા જરૂરીયાતમંદ દર્દીઓ માટે સંસ્થા સંચાલિત ડાયાલીસીસ વિભાગમાં ઘર જેવું સુવિધામય, સ્વચ્છ, નિરામય વાતાવરણ અને અદ્યતન સાધનોથી સુસજ્જ ડાયાલીસીસની સારવાર ખૂબ જ નજીવા દરે તથા સરકારશ્રીની PMJAY યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
24 x 7 ઈમરજન્સી સારવાર માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
(સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદ્યાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ ચૌદસ રવિવાર ૧૪ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૮
પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# આસામમાં વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત: ૫ જવાનોનાં મોત

**જોરહાટ** એરબેઝની હવાઇ પટી પર ઉતરાણ કરતી વખતે વિમાન સરકી ગયું, તૂટીને અગનગોળામાં ફેરવાઇ ગયું

**મૃતકોમાં** બે અધિકારીઓનો સમાવેશ, કોર્ટ ઓફ ઇન્ક્વાયરી બેસાડાઇ

**ભોગ** બનેલું વિમાન AN 32 ટ્રાન્સપોર્ટ વિમાન હતું



**નવી દિલ્હી, તા. 13 (PTI):** આસામમાં જોરહાટ ખાતે લેન્ડિંગ કરતી વખતે ભારતીય વાયુસેનાનું રશિયન મૂળનું એન્ટોનોવ એએન-૩૨ પરિવહન વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં બે અધિકારીઓ સહિત વાયુસેનાના પાંચ જવાનોના મોત થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનના કો-પાયલોટ ઈજાગ્રસ્ત થયા છે અને જોરહાટની મિલિટરી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. આ વિમાનમાં કુલ છ જવાનો સવાર હતા. ભારતીય હવાઇ દળ(IAF)ના જણાવ્યા અનુસાર, સવારે અંદાજે ૧૦ વાગ્યે એક નિયમિત ઉડાન દરમિયાન આ વિમાન અકસ્માતનો ભોગ બન્યું હતું. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા જવાનોના



નામ આ પ્રમાણે છેઃ સ્ક્વોડ્રન લીડર પ્રશાંત સિંહ, ફ્લાઇટ લેફ્ટનન્ટ શુભમ કુમાર, સાર્જન્ટ જિતેન્દ્ર શર્મા, અગ્નિવીરવાયુ ખેમારામ કુમાવત અને અગ્નિવીરવાયુ દાનિશ આલમ. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી'ની રચના કરવામાં આવી છે. વાયુસેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય વાયુસેના અસમના જોરહાટમાં થયેલા એન-૩૨ અકસ્માતમાં પાંચ જવાનોના નિધન પર ઊંડો શોક વ્યક્ત કરે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, રનવે પર ટચડાઉન કરતી વખતે વિમાને નિયંત્રણ ગુમાવ્યું હતું અને તે રનવે પરથી લપસી ગયું હતું. ત્યારબાદ વિમાન સમાંતર ટેક્સીવે તરફ ધસી ગયું હતું અને તેના બે ટુકડા થઈ

...અનુસંધાન પાના 11 પર

## શત્રુ બેલિસ્ટિક મિસાઇલને તોડી પાડવાની ક્ષમતાનું સફળ પરીક્ષણ

**સ્વદેશી** મલ્ટિ લેયર BMDનું પરીક્ષણ સફળ રહ્યું, આ ક્ષમતા ધરાવતા ચુનંદા દેશોમાં ભારત શામેલ

**નેવલ** એન્ટી-શિપ મિસાઈલ-મીડિયમ રેન્જ (NASM-MR)નો પ્રથમ ફ્લાઇટ ટેસ્ટ પણ સફળ




### પરીક્ષણ પહેલા ઓડિશામાં ૧૧ ગામ ખાલી કરાવાયા

ઓડિશાના બાલાસોર જિલ્લામાં DRDOના નિર્ધારિત મિસાઇલ ટેસ્ટ પહેલાં બંને દિવસ 11 ગામો ખાલી કરાવવામાં આવ્યા હતા. ચાંદીપુર સ્થિત ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR)ના લોન્ચ પેડ-3 ના 3.5 કિમીની ત્રિજ્યામાંથી 11,442 લોકોને અસ્થાયી રૂપે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. જો કે, ટેસ્ટિંગ પછી સાંજે તેમને ઘરે પરત ફરવાની મંજૂરી આપી દેવામાં આવી હતી.

**નવી દિલ્હી, તા. 13:** ભારતે આ અઠવાડિયે તેની મલ્ટી-લેયર્ડ બેલિસ્ટિક મિસાઇલ ડિફેન્સ સિસ્ટમની ઇન્ટરકોન્ટિનેન્ટલ મિસાઇલોને આંતરીને નષ્ટ કરવાની ક્ષમતાનું પ્રદર્શન કરવા માટે અગ્રણી પ્લેટફોર્મ્સના સફળ પરીક્ષણો કર્યા છે, અને આ સાથે જ ભારત આ ક્ષમતા ધરાવતા દેશોના એક ચુનંદા જૂથમાં સામેલ થઈ ગયું છે.

આ BMDs (બેલિસ્ટિક મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ્સ) આવી રહેલી લાંબી રેન્જની પરમાણુ મિસાઇલો અને AWACS(એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ્સ) સહિતના દુશ્મન વિમાનોને હવામાં જ તોડી પાડવા માટે સક્ષમ છે. અમેરિકા, રશિયા અને ચીન સહિત ખૂબ જ ઓછા દેશો બેલિસ્ટિક મિસાઇલ ડિફેન્સ (BMD) ક્ષમતાઓ ધરાવતા હોવાનું જાણીતું છે. ઇઝરાયેલ પાસે પણ આ ક્ષમતા હોવાનું કહેવાય છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આવી રહેલી મિસાઇલો સામે મલ્ટી-લેયર્ડ BMDનું પ્રદર્શન કરવા માટે ૧૦ અને ૧૧ જૂનના રોજ સતત ત્રણ ઉડાન-પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આ પરીક્ષણો પૃથ્વીના વાતાવરણની અંદર અને બહાર, બંને સીમાઓમાં આવી રહેલી બેલિસ્ટિક મિસાઇલોને તોડી પાડવાની ક્ષમતા ચકાસવા માટે કરવામાં આવ્યા હતા.

મલ્ટી-લેયર્ડ BMDનું કામ દુશ્મનની બેલિસ્ટિક મિસાઇલને તેના ટાર્ગેટ સુધી પહોંચતા પહેલા જ તોડી પાડવાનું છે. આ સિસ્ટમ કેટલાય સ્તરો પર કામ કરે છે - જેમ કે, સૌથી પહેલા રડાર મિસાઇલને શોધી કાઢે છે. ત્યારબાદ કમાન્ડ સેન્ટર ખતરાનું આકલન કરે છે. આ પછી ઈન્ટરસેપ્ટર મિસાઇલ છોડવામાં આવે છે, જે હવામાં જઈને દુશ્મનની મિસાઇલને નષ્ટ કરી દે છે. જો લેયર્ડ મિસાઇલ ડિફેન્સની વાત કરીએ તો, જો પહેલી ઈન્ટરસેપ્ટર શત્રુ મિસાઇલ લક્ષ્યને નષ્ટ કરવામાં અસમર્થ

...અનુસંધાન પાના 11 પર

## લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય સેનાના નવા વડા બનશે



**નવી દિલ્હી, તા. 13 (PTI).** લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય સેનાના આગામી વડા બનશે અને તેઓ વર્તમાન જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીનું સ્થાન લેશે. એમ સંરક્ષણ મંત્રાલયે શનિવારે જાહેરાત કરી હતી.

લેફ્ટનન્ટ જનરલ સેઠ, જેઓ સેનાના આધુનિકીકરણમાં તેમના યોગદાન અને વ્યૂહાત્મક આયોજન માટે વ્યાપકપણે જાણીતા છે, તેઓ હાલમાં આ દળના વાઈસ ચીફ તરીકે સેવા આપી રહ્યા છે.

સેઠ ૩૦ જૂનના રોજ સર્વોચ્ચ પદનો કાર્યભાર સંભાળશે જ્યારે જનરલ દ્વિવેદી નિવૃત્ત થશે.

લેફ્ટનન્ટ જનરલ સેઠની નિમણૂક કરીને સરકારે સિનિયોરિટીના સિદ્ધાંતનું પાલન કર્યું છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, "સરકારે હાલમાં આર્મી સ્ટાફના વાઈસ ચીફ તરીકે સેવા આપી રહેલા લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠની ૩૦ જૂનની બપોરથી આગામી ચીફ ઓફ ધ આર્મી સ્ટાફ તરીકે નિમણૂક કરી છે." આ વરિષ્ઠ લશ્કરી અધિકારી નેશનલ ડિફેન્સ એકેડેમી, ખડકવાસલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ડિસેમ્બર ૧૯૮૬માં આર્મોર્ડ કોર્પ્સમાં કાર્યરત થયા હતા. લગભગ ચાર દાયકાની વિશિષ્ટ લશ્કરી કારકિર્દી દરમિયાન સેઠ ઓપરેશનલ, વ્યૂહાત્મક, ક્ષમતા વિકાસ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં વ્યાપક અનુભવ ધરાવે છે.

...અનુસંધાન પાના 11 પર

### ટેન્કર પર ઓમાન તટ નજીક હુમલો થયો હતો

## જીવતી મિસાઈલ સાથે ભારત પહોંચ્યું ઓઈલ ટેન્કર

**2000** કિમીની મુસાફરી કરી કોચ્ચિ આવ્યું ટેન્કર

**ઓઇલ** ટેન્કરમાંથી જીવતી મિસાઇલ બહાર કઢાઈ





**કોચ્ચિ, તા. 13.** ઈન્ડિયન નેવીએ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના ફુજૈરાહથી કોચ્ચિ આવેલા એક ઓઈલ ટેન્કરમાંથી જીવતી મિસાઈલને સુરક્ષિત રીતે બહાર કાઢીને એક મોટી દરિયાઈ દુર્ઘટના ટાળી દીધી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 26 મેના રોજ ઓમાન તટ નજીક એમટી ઓલિમ્પિક ઓઈલ ટેન્કર પર હુમલો થયો હતો. આ શિપ પર માર્શલ આઈલેન્ડનો ઝંડો હતો.

હુમલા બાદ મિસાઈલનું વોરહેડ ફાટ્યું નહીં, પરંતુ ટેન્કરના બહારના ભાગને ચીરીને ફ્યુઅલ ટેન્કમાં જઈને ફસાઈ ગયું. ટેન્કર અરબ સાગરમાં આશરે 2,000 કિલોમીટરની મુસાફરી ખેડીને કોચ્ચિ પહોંચ્યું હતું. 11 જૂનના રોજ ઈન્ડિયન નેવીએ હાઈ-રિસ્ક ઓપરેશન ચલાવીને મિસાઈલ વોરહેડને બહાર કાઢ્યું હતું.

26 મેના રોજ ઈન્ટરનેશનલ ન્યૂઝ એજન્સી રોયટર્સે જણાવ્યું હતું કે, ઓમાનની રાજધાની મસ્કતથી આશરે 1.8 કિલોમીટર દૂર ટેન્કરના ડાબા ભાગમાં પાણીની નજીક બ્લાસ્ટ થયો હતો. જોકે, ટેન્કરની કામગીરી સંભાળતી કંપની સ્પ્રિંગફીલ્ડ શિપિંગે જણાવ્યું હતું કે, કોઈ અજ્ઞાત વસ્તુએ ટેન્કરને ટક્કર મારી છે.

ત્યાર બાદ ટેન્કર-ક્રૂએ અધિકારીઓને જણાવ્યું કે, ટેન્કરની અંદર એક જીવતી મિસાઈલનું વોરહેડ ફસાઈ ગયું છે. બ્લાસ્ટના કારણે ટેન્કરમાંથી થોડું તેલ પણ દરિયામાં વહી ગયું હતું. પરંતુ ટેન્કરે પોતાની મુસાફરી ચાલુ રાખી હતી. આ દરમિયાન ઈન્ડિયન નેવીને પણ ટેન્કરમાં મિસાઈલ ફસાઈ હોવાની જાણકારી આપવામાં આવી હતી.

કોચ્ચિ સ્થિત સધર્ન નેવલ કમાન્ડે વિસ્ફોટક નિષ્ક્રિય કરવામાં નિષ્ણાત

...અનુસંધાન પાના 11 પર

## આસામે ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને આધાર આપવાનું બંધ કર્યું

**ગેરકાયદે** બાંગ્લાદેશીઓને આધાર કાર્ડ ન મળે તે સુનિશ્ચિત કરવા માટે લેવાયેલું પગલું : સીએમ સરમા



**ગુવાહાટી, તા. 13 (PTI).** આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું કે, ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ આ દસ્તાવેજ મેળવી ન શકે તે સુનિશ્ચિત કરવા માટે કેબિનેટે નિર્ણય લીધો છે કે, ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને આધાર કાર્ડ જારી કરવામાં આવશે નહીં. અહીં કેબિનેટ બેઠકની અધ્યક્ષતા બાદ પત્રકાર પરિષદમાં સીએમ સરમાએ જણાવ્યું હતું કે, અપવાદરૂપ કિસ્સાઓમાં જિલ્લા કમિશનરે કાર્ડ જારી કરવાની પરવાનગી મેળવવા માટે રાજ્ય સરકારને પ્રસ્તાવ મોકલવો પડશે.

મુખ્યમંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ત્યાર બાદ સરકાર નક્કી કરશે કે અરજદાર કાર્ડ માટે પાત્ર છે કે નહીં. રાજ્યમાં આધાર કાર્ડ જારી કરવાની પ્રક્રિયા સેચ્યુરેશન પોઈન્ટ (મહત્તમ મર્યાદા) પર પહોંચી ગઈ હોવાનું નોંધતાં સરમાએ જણાવ્યું હતું કે, "કેટલાક જિલ્લાઓમાં તે ૧૦૦ ટકાનો આંકડો વટાવી ગયો છે અને આપણે એ શોધવું જ પડશે કે આ વધારાના આધાર કાર્ડ મેળવનારા આ લોકો કોણ છે."

આસામના મુખ્યમંત્રીએ કહ્યું, ''કોઈપણ ગેરકાયદે બાંગ્લાદેશીઓને આધાર કાર્ડ ન મળે તે સુનિશ્ચિત કરવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. જોકે, ચાના બગીચાના સમુદાય, અનુસૂચિત જનજાતિ (એસટી), અનુસૂચિત જાતિ (એસસી) અને વિકલાંગ લોકોને આધાર કાર્ડ આપવાનું ચાલુ રહેશે, કારણ કે ઘણા લોકોને હજી સુધી કાર્ડ મળવાના બાકી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, "જોકે, ૧ એપ્રિલ, ૨૦૨૭થી આ પ્રતિબંધ સંપૂર્ણ રીતે લાગુ થઈ જશે અને આ સમુદાયોના ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને પણ તે તારીખથી કાર્ડ મળવાનું બંધ થઈ જશે.

પરંતુ, ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકોને આધાર કાર્ડ આપવાનું ચાલુ રાખવામાં આવશે."

સરમાએ અગાઉ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આધાર કાર્ડ ઈશ્યૂ કરવામાં ખૂબ જ કડક રહેશે અને આસામમાં આ દસ્તાવેજ મેળવવો સરળ રહેશે નહીં.

### જયશંકરે માર્કો રૂબિયોને ફોન કર્યો: ઓમાન કાંઠે ભારતીયોના મોતનો મામલો ઉઠાવ્યો

## ઓમાન ખાડીમાં અમેરિકી હુમલાથી ભારત નારાજ

**વિદેશ** મંત્રીએ વ્યાપારી જહાજો પર અમેરિકાના હુમલાને ગેરવાજબી ગણાવ્યા

**જવાબમાં** અમેરિકી વિદેશ મંત્રીએ કહ્યું કે હોર્મુઝ વિસ્તારમાં નાકાબંધીનો ભંગ ચલાવી લેવાશે નહીં

**નવી દિલ્હી, તા. 13 (PTI).** વિદેશ મંત્રી એસ જયશંકરે શનિવારે યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયો સમક્ષ ઓમાનની ખાડીમાં એક વેપારી જહાજ પર યુએસ સૈન્ય હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓના મોતના મામલાને ઉઠાવ્યો હતો. હાલમાં યુરોપના પ્રવાસે ગયેલા વિદેશ મંત્રીએ યુએસ વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત બાદ વિદેશ મંત્રીએ કોમર્શિયલ શિપિંગ સામે યુએસ સૈન્ય દ્વારા કરવામાં આવેલી 'ઘાતક' કાર્યવાહીને ગેરવાજબી ગણાવી હતી.

જયશંકરે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, આજે સાંજે યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે વાત કરી. મેં ખાડીમાં અમેરિકી નેવી દ્વારા કરવામાં આવેલા હુમલા, જેમાં ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા, તે અંગે મેં ભારતનો ઉગ્ર વિરોધ પુનરાવર્તિત કર્યો હતો. જયશંકરે કહ્યું કે, કોમર્શિયલ શિપિંગ સામે આવી ઘાતક કાર્યવાહી કોઈપણ રીતે વાજબી નથી. બીજી બાજુ આ વાતચીત અંગે વૉશિંગ્ટનથી મળતો અહેવાલ જણાવે છે કે અમેરિકાએ શનિવારે ભારતને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે હોર્મુઝની સામુદ્રધુનીમાં તેની નાકાબંધીનું કોઈપણ ઉલ્લંઘન અને ઈરાની તેલનું ગેરકાયદેસર પરિવહન સહન કરવામાં આવશે નહીં. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૩-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૬° સે. | ૨૯.૬° સે. | ૪૬% |

## TMC સાંસદ અભિષેક બેનર્જીના નિવાસે મળસ્કે પોલીસના દરોડા

**કથિત** નાણાકીય ગેરરીતિ સંદર્ભમાં અભિષેક બેનરજીના અંગત સહાયક સુમીત રોયને શોધવા પોલીસ ટીમે દરોડો પાડ્યો

**દોઢ** કલાક સુધી શોધખોળની કાર્યવાહી ચાલી, મમતા બેનરજી ભત્રીજાના ઘરે પહોંચ્યા, કાર્યવાહી ચાલી ત્યાં સુધી રોકાયા

**દરોડામાં** સુમિત રોય નહીં મળ્યા, પોલીસ ટીમ ખાલી હાથે પાછી ફરી

**કોલકાતા, તા. 13 (PTI).** પશ્ચિમ બંગાળમાં રાજકીય ગરમાવો વધારનારી એક વહેલી સવારની કાર્યવાહીમાં, પોલીસે કેન્દ્રીય દળોની સાથે મળીને શનિવારે અહીં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ અભિષેક બેનર્જીના નિવાસસ્થાને એક કથિત નાણાકીય છેતરપિંડીના કેસમાં તેમના નજીકના સહયોગીની શોધમાં કેટલાક કલાકો સુધી દરોડા પાડ્યા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પશ્ચિમ મેદિનીપુરના સાલબોની પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં કોલકાતા પોલીસના જવાનો પણ જોડાયા હતા. વહેલી સવારે લગભગ ૨ વાગ્યે શરૂ થયેલી આ કાર્યવાહીને કારણે ભારે વિવાદ સર્જાયો હતો, જેમાં ટીએમસીએ તેને રાજકીય બદલાની ભાવના ગણાવી હતી, જ્યારે ભાજપના નેતાઓએ ભારપૂર્વક કહ્યું હતું કે તપાસકર્તાઓ માત્ર કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરી રહ્યા હતા. ભુતપૂર્વ મુખ્યમંત્રી અને ટીએમસી સુપ્રિમો મમતા બેનર્જી

...અનુસંધાન પાના 11 પર

### તાળુ તોડીને પોલીસ ટીમ ઘરમાં પ્રવેશી

અધિકારીઓએ જણાવ્યું કે દરોડા પાડવા આવેલી પોલીસ ટીમે અભિષેકના ઘરના દરવાજા વારંવાર ખખડાવ્યા હતા પરંતુ કોઈ જવાબ ન મળતા તેમને લગભગ ચાર કલાકો સુધી બહાર રાહ જોવી પડી હતી. ટીએમસીએ એવો આક્ષેપ કર્યો હતો કે પોલીસે તાળું તોડીને પરિસરમાં પ્રવેશ

...અનુસંધાન પાના 11 પર